بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# ★ પ્રારંભિક વાત ★

તમારી સામે પ્રસ્તુત કિતાબ "ફેશનની બર્બાદીઓ" ને ગોવંડીના રહેવાસી આરિફ કાદરી સાહબે ઘણી જ મહેનતની સાથે કુર્આન શરીફની મુબારક આયતો મુબારક હદીષો, સાચા બનાવો, લેબોરેટરીના તપાસ કરેલ ચકાસેલ રિપોર્ટ, મેગેઝિનો અને અરબી સમાચાર પત્રમાંથી મેળવેલ રિપોર્ટથી **હરામ ફેશનની બુરાઈઓ**ને સાબિત કરી અને અરબી દેશોની પરિસ્થિતિ પર પણ જરૂરી પ્રકાશ પડયો. આ તે લોકોના મોઢા પર ભારે તમાચો છે જેઓ કોઈ પણ શરીઅતની વાત પર અરબ દેશોના દાખલાઓ આપે છે. લેખકે અરબી દેશોના સમાચાર પત્રના રિપોર્ટ રજુ કર્યા અને ઈસાઈ, યહૂદીની ખોટી કોશિશને ખુલ્લી પાડી. **યહૂદી અને ઈસાઈ તો એવું ઈચ્છે છે કે મુસલમાન કોઈ પણ રીતે નાપાક ખાય** અને દૈનિક વપરાશની વસ્તુઓમાં **નાપાકનો ઉપયોગ કરે,** એટલા માટે ફેશનના માર્ગે એને આમ કર્યું.(ફેલાવ્યું.) આ મહીલાઓની ફેશન પર એક જબરજસ્ત સંશોધનાત્મક કિતાબ છે જેની શોધખોળની હકીકતને કોઈ જૂઠલાવી શકતુ નથી.

લોકોએ જોઈએ કે આ કિતાબનો ઉમ્મતની બહેનોમાં ફેલાવો કરે અને ફેશનની બુરાઈઓથી બચે તથા બચાવે. આ કિતાબ છપાવવામાં લેખકના સાથીઓએ ઘણી મેહનત કરી છે. મૌલાએ કરીમ લેખકને અને તેમના સાથીઓને નેક બદલો આપે. –આમીન ષુમ્મ આમીન.

**–ડોકટર મુહમ્મદ ફહીમ કાદરી**
**(ગોવંડી, બોમ્બે–૪૩)**





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ وَاٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْن

ફેશનની બર્બાદીઓના સંબંધથી જ્યાં અસંખ્ય પ્રશંસા પત્રો મળ્યા ત્યાં જ અમુક વાંધાજનક પત્ર પણ મળ્યા એમાંના અમુકમાંથી બોમ્બે–૩ થી મુહમ્મદ ઝુબૈર રઝા કાદરીએ થોડાક સવાલો મોકલેલ છે :–

**સવાલ** : (૧) લિપસ્ટીકમાં ઉપયોગ થવાવાળા કેમીકલનું નામ જણાવો જે લિપસ્ટીકમાં મેળવવામાં આવે છે ?

**સવાલ** : (૨) પેપ્સી કોલામાં શું મેળવવામાં આવે છે એ ચીજનું નામ જણાવો જે સુવ્વર (ભૂંડ)થી મળે છે અને એ કયા ભાગમાંથી મળે છે ?

**સવાલ** : (૩) કોલગેટ અને સબાકા પેસ્ટમાં શું મેળવવામાં આવે છે ? સાબુ વગેરેના સંબંધથી જે આપે નાપાકી ભેળવવાના વિશે લખ્યું છે તે માત્ર પશ્ચિમી દેશોની કંપનીઓની હદ સુધી છે કે હિંદુસ્તાનની અને પાકિસ્તાની કંપનીઓ પણ કસૂરવાર છે ?

**સવાલ** : (૪) સઊદી અરબમાં પેપ્સી કોલા અને લકસ સાબુ અને લિપસ્ટીક અને આપની આપેલ લિસ્ટના પ્રમાણે બધી ચીજો જાહેર છે તો ત્યાં આ બધા પર પાબંદી કેમ નથી ?

**જવાબો** : યુનાઈટેડ અરબ અમીરાતની હુકૂમતે પ્રોફેસર અમજદ સફર (બૈરૂત)નો એક લેખ છાપેલ છે જેમાં ઘણા સંશોધન પછી યૂરોપ અને અમેરિકાની આ વસ્તુઓની યાદી આપેલ છે, જેમાં સુવ્વર (ભૂંડ)ના શરીરનુ કોઈ ન કોઈ અંગ મેળવવામાં આવે છે અને ચીજોમાં સાબુ અને ક્રિમ સિવાય ખાવાની ચીજો જેમ કે ચોકલેટ, બિસ્કીટ, પનીર, ડબલરોટી અને પીણાંઓ પણ સામેલ છે. મુસલમાનોની દીની ફરજ છે કે આના વિશે નીચે જણાવેલ શબ્દો ખાસ રીતે નોંધે અને જે ચીજો પર પણ આ લખેલ હોય સમજી લે કે એમાં સુવ્વર (ભૂંડ)ની ચરબી અને ગોશ્ત વગેરે

મેળવેલ છે. આ ચીજોનો હરગિઝ ઉપયોગ ન કરો અને જેને ઉપયોગ કરતાં જુઓ એને જણાવવામાં આવે કે આ હરામ છે. જે દુકાનદારની પાસે જુએ એની ઈમાની ભાવનાથી વિનંતી કરે અને જણાવે કે આ ચીજો દીનમાં હરામ છે અને એને ખરીદવું પણ **હરામ** છે.

(૧) પિગ એન્ડ હોગ અને સવાઈન (PIG & HOG) સુવ્વર ભૂંડને કહે છે.

(૨) પોર્ક (PORK) સ્પોર્કલ (SPORCLES) હેમ (HEM) બેકન (BACON) અને નમકીન પોર્કર (PORKER) સુવ્વરનાં જ જુદાં જુદાં નામ છે.

(૩) લોર્ડ (LARD) સુવ્વરની ચરબીને કહેવામાં આવે છે.

(૪) જીલેટીન કે જૈલો (GAILO) એક પ્રવાહી છે જેમાં વધારે માત્રા સુવ્વરની ચામડી, હાડકાંઓ અને ખરીઓની હોય છે.

(૫) પઈપીન (PIPEIN) એક દવા છે જેમાં સુવ્વરનું લોહી મેળ વેલ હોય છે.

(૬) એલ. શોર્ટિંગ અથવા એનીમલ શોર્ટિંગ (L. SHORTENING) અથવા (A. SNORTENING) એક તેલ છે જેમાં ખાસ કરીને ખાવા પકવવામાં આવે છે, એમાં વધારે પડતુ સુવ્વરની ચરબી કે એવા જાનવરની ચરબી હોય છે જેને ઝટકો મારીને ગોશ્ત બનાવવામાં આવે છે.

## ☆ ખરાબ ચીજોની લીસ્ટમાં આ ભાગો મેળવેલ છે ☆

★ પિન્સ ચોકલેટ (PRINCE CHOCLATE)

★ લૉર્ડ (LARD) લિપસ્ટીકમાં મેળવવામાં આવે છે.

★ કરનેટ ચીઝ

★ રે માર્કચીઝ





એ બંને કંપનીઓની બનેલ હોય છે તે સુવ્વરના દૂધ પીતાં બચ્ચાંઓની હોજરીમાંથી બનાવવામાં આવે છે.

યૂરોપ અને અમેરિકામાં બનેલી મોટા ભાગની બિસ્કીટ, મીઠાઈ અને બ્રેડ સુવ્વરની ચરબીમાંથી તૈયાર કરવામાં આવે છે.

★ પેપ્સીકોલા પીણામાં પેપ્સીન મિલાવવામાં આવે છે.

વાળોનું ક્રિમ આ બધી ચીજોને કોલગેટ (COLGATE) અને પામલેફ (PAMLAIF) બે કંપનીઓની બનેલ હોય છે. એવી રીતે કોલગેટ અને (CIBACA)નાં બનેલ ટૂથ પેસ્ટ, લકસ સાબુ, લતા સાબુ, કાપરી સાબુ, આવરી સાબુ, બર્લ ક્રિમ (પામોલ્વી ક્રિમ) માં પણ સુવ્વરની ચરબી હોય છે.

વૈજ્ઞાનિક શોધથી ખબર પડે છે કે સુવ્વરની ચરબી સિવાય બીજા દરેક જાનવરની ચરબી માણસના શરીર પર ઓગળી જાય છે એટલા માટે **સુવ્વરની ચરબી ઔરતોની લિપસ્ટીકમાં મિલાવવામાં આવે છે.**

★ પાકિસ્તાન સાઈન્સ ફાઉન્ડેશનના સંશોધક ડોકટર મોહસિન રઝા સાહેબ છે. જેમણે આ માહિતી યુનાઈટેડ અરબ અમીરાતની નિગરાની હેઠળ પ્રકાશિત થતાં સમાચાર પત્રોથી પ્રાપ્ત કરી છે. એ અરબી સમાચાર પત્રમાં લખવાવાળા પ્રોફેસર અમજદ સફર બૈરૂતી છે, જેમણે પશ્ચિમી દેશોની કરેલ ચીજાની ફોર્મ્યુલાનો અભ્યાસ કર્યો છે અને પોતાની હુકૂમતને ખબરદાર કરેલ છે. પાકિસ્તાની અને હિંદુસ્તાની કંપનીઓની તૈયાર કરેલ ચીજોમાં પણ સુવ્વરના ચરબીનો ઉપયોગ થાય છે.

★ પશ્ચિમી દેશોની દરેક કંપનીઓ પોતાને ત્યાંની તૈયાર કરેલ ચીજો, દવાઓમાં સુવ્વરની ચરબી કે એના અંગોનો ઉપયોગ કરવામાં આવે છે એ કાંઈ જરૂરી નથી કે તેનો ઉલ્લેખ પણ કરે બલ્કે ઘણી જ ચાલાકી અને હોશિયારીથી સુવ્વર કે એની ચરબી લખવાના બદલે બીજાં અલગ નામોથી એનો ઉલ્લેખ કરે છે જેને ઓછુ લખતા વાંચતા લોકો નથી સમજી શકતા.

★ પશ્ચિમી દેશોની જે કંપનીઓ સુવ્વરના અંગોને મિલાવે છે એ ફોર્મ્યુલાનો મુદ્દલે ઉલ્લેખ જ નથી કરતી જેથી એવી કંપનીઓની તૈયાર

કરેલ ચીજોના વિશે જાણકારી મેળવવી ઘણી જ મુશ્કેલ કાર્ય છે. એના માટે લેબોરેટરીમાં વિશ્લેષણથી પરખવાની જરૂરત પડે છે ત્યારે સાચી હકીકતની જાણ થાય છે.

જેથી લેબોરેટરીમાં વિશ્લેષણ પછી જ ડોકટર મોહસિન રઝાએ પ્રોફેસર અમજદ સફર બૈરૂતીના હવાલાથી એ ચીજોમાં પણ મિલાવટની જાણકારી કરી છે જેના વિશે કોઈને વહેમ શંકા પણ ન હતી.

★ હિંદુસ્તાનની કંપનીઓનો હાલ એ છે કે જો તેઓ પોતાને ત્યાંની તૈયાર કરેલ ચીજોમાં એ જ ફોર્મ્યુલાનો ઉપયોગ કરે છે જે પશ્ચિમી દેશોની કંપનીઓ કરે છે તો યકીનની સાથે એ પણ ઉપયોગ કરે છે. જો કે હિંદુસ્તાનમાંની સુવ્વરની ચરબી આમ તેલોની સરખામણીમાં અનેક ઘણી વધારે મોંઘી છે જેથી એ જાહેર ચીજોમાં ન મેળવીને માત્ર એ જ દવાઓમાં મેળવે છે જેમાં એના ઉપયોગ વગર ચાલે તેમ ન હોંય.

હિંદુસ્તાનની રજીસ્ટર્ડ રાષ્ટ્રીય કક્ષાએ કામ કરવાવાળી કંપનીઓ પોતાની ફોર્મ્યુલાનો ઉલ્લેખ કરે છે. જેથી ખરીદ વેચાણ પહેલાં એને વાંચી લેવું ઘણુ જ જરૂરી છે.

★ બોમ્બે દેવનાર સ્લાટર હાઉસથી સુવ્વરનું લોહી, ચરબી વગેરે મોટી મોટી કંપનીઓ ખરીદે છે અને એનાથી જુદા જુદા અંશો બનાવવામાં આવે છે.

છેલ્લો પ્રશ્ન એ હતો કે શું હિંદુસ્તાનની કંપનીઓ પણ આ બધાનો ઉપયોગ કરે છે ?

એનો જવાબ અમે પહેલા પ્રકાશનમાં કિતાબની સાથે જ લખ્યો કે બધી ચીજો પહેલા પશ્ચિમી દેશોમાં શોધાય છે પછી અહીંયા આવે છે. અને મોટા ભાગે ૯૯ ટકા પશ્ચિમી દેશોની નજર સામે આ કંપનીઓ ચાલે છે અને સાચા માલિકો તેઓ જ હોય છે અને અહીંયાના લોકોને શેરો થકી ભાગીદાર બનાવે છે. અરબ દેશો અને દરેક ઠેકાણે ચાહે હિંદુસ્તાન હોય કે પાકિસ્તાન હોય એવી રીતે જ ચલાવે છે. પેપ્સી કોલા કંપનીમાં પેપ્સીનો





પાઉડર પશ્ચિમી દેશોથી આવે છે, અને પાણી અને ગેસ, લેબલ પેકિંગ વગેરે જુદા જુદા દેશોમાં થાય છે. જેવી રીતે મોટા ભાગે આપણે લોકો ઘરમાં પાણી, ખાંડ અને બરફ મેળવીને રસ્ના પાઉડર નાખીને શરબત બનાવીએ છીએ એવી જ રીતે પેપ્સીનો પાઉડર મૂળ કંપનીમાંથી આવે છે. એ જ પ્રમાણે મોટા ભાગની કંપનીઓ કરે છે.

અરબી દેશોમાં આ બધો પ્રતિબંધ એટલા માટે નથી કે અરબી દેશોમાં સુવ્વરનો ગોશ્ત દરેક જગાએ જગ જાહેર વેચાય છે અને કંપનીના કર્મચારીઓ ઓસ્ટ્રેલિયા, યૂરોપ વગેરેથી આવતો ડબ્બાઓનો ગોશ્ત મજાથી ખાય છે અને એમાં કોઈ પણ પ્રકારની બુરાઈ અનુભવતા નથી. ગજબ એ છે કે કંપનીની કેન્ટીનમાં સુવ્વરના ગોશ્તના જે ડબ્બાઓ વેચાય છે એ બીજા ડબ્બાઓની સાથે મિલાવીને રાખવામાં આવે છે અને એના પર માત્ર અંગ્રેજીમાં PORK લખવામાં આવે છે. અમુક લોકો તે ભલે સુવ્વરને હરામ જાણતા હોય છે પણ પોર્ક (PORK) નો અર્થ નથી સમજતા એટલા માટે તેઓ ભૂલથી એ ડબ્બાઓ ખરીદીને ખાઈ લે છે ! ઓસ્ટ્રેલિયાથી આવેલ એ ગોશ્ત સ્થાનિક ગોશ્તની સરખામણીમાં ઘણો જ સસ્તો હોય છે અને ચોખ્ખો પણ હોય છે, એટલા માટે એની ખૂબ ખરીદી થાય છે ! ઘણા બધા લોકો સઊદી અને અરબ દેશોનું ઉદાહરણ આપે છે કે ત્યાં કેમ આ ચીજો પર પ્રતિબંધ નથી ?! અમેરિકા અને યૂરોપની દોસ્તીના કારણથી કે પછી દબાણનો કારણથી પ્રતિબંધ નથી લગાડી શકતા અને પોતે તેઓ ઈમાનથી એવા કોરા છે કે મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરાની સફાઈ ડેટોલથી કરે છે જેમાં સ્પ્રીટ (શરાબ) મેળવેલી હોય છે. (મઆઝલ્લાહ)

તકવાવાળા (અલ્લાહથી ડરનારા)ઓના માટે ફારૂકે આઝમ رضی اللہ عنہ નો માત્ર આ કૌલ પૂરતો છે કે **મેં દસ હલાલ ચીજો છોડી દીધી એ બીક થી કે ક્યાંક હરામમાં ન જઈ પડું.**

આ રિપોર્ટ બૈરૂતના વૈજ્ઞાનિક અમજદ સાહેબે રજુ કર્યો ને એમનું મોટું એહસાન છે કે એમણે આ મસ્અલાને ઉઠાવ્યો અને પાકિસ્તાન સાયન્સ

ફાઉન્ડેશનના સંશોધકે એની તરફેણ કરી યુનાઈટેડ અરબ અમીરાતના દેશોના અખબારોએ તેને પ્રસિધ્ધ કર્યું અને એનો અનુવાદ હિંદુસ્તાનનાં સમાચાર પત્રો, ઉર્દૂ ડાઈજેસ્ટ, કિતાબો વગેરેમાં છપાઈ ગયું. અરબ દેશો અને પાકિસ્તાનમાં પણ એના પર કામ થયું છે. અલ્હમ્દુ લિલ્લાહ ! **આ કોઈ સામાન્ય લેખકની શોધ કે નાના સમાચાર પત્રોના રિપોર્ટ કે કોઈ એક વ્યક્તિનો એક માત્ર ફતવો નથી, આ તો વૈજ્ઞાનિકોનો રજુ કરેલ રિપોર્ટ છે અને મોટા મોટા દેશોના સંશોધનના કેન્દ્રોએથી આ વાત ચોક્કસ થઈ ગઈ જેને ઘણા લોકો જાણતા ન હતા.**

જેથી મુસલમાન ઉમ્મત ફેશનની બુરાઈઓથી બચે. અધિક હરામ ફેશનનુ સંશોધન અમારી કિતાબ ‘‘**ફેશન પરસ્તીકા વબાલ**’’ અને ‘‘**ઈસ દર્દકી લા’નતેં**’’ આ બે કિતાબોથી ઈન્શાઅલ્લાહ આપની સમક્ષ રજુ થશે.

**–મુહમ્મદ આરિફ કાદરી**

**જી–કોલોની, ૩૦૮૯/૫, ગોવંડી–મુંબઈ–૪૩**

**ચાલો મુંબઈ ! ૨૮,૩૯,૩૦ ડિસેમ્બર**

**આલમી તેહરીક સુન્ની દા’વતે ઈસ્લામીનો**

# અઝીમુશ્શાન આલમી સુન્ની ઈજતેમા

**કબ ? :** ૨૮–ડિસેમ્બર, ૨૦૦૧ (ઔરતો માટે જુમ્આની નમાઝ બાદથી ઈશા સુધી)

[૨૯, ૩૦ ડિસેમ્બર શનિવારે સવારથી રવિવારે ઈશા સુધી (પુરૂષો માટે]

**કહાં ? :** વાદીએ નૂર, આઝાદ મેદાન, વી. ટી. રેલ્વે સ્ટેશન સામે, મુંબઈ.

દેશ વિદેશથી સાદાતે કિરામ, ઉલમાએ એઝામ તથા મુબલ્લિગીનના કાફલા તશરીફ લાવશે. (ઈન્શાઅલ્લાહ) તો આપ પણ ઈશ્કે નબીમાં દિલોને તડપાવવા ઈલ્મે દીન શીખવા જરૂરથી તશરીફ લાવશો.

**નોંધ : ભરૂચથી ટ્રેનમાં જવા ઈચ્છનાર ૮૦ રૂ. આપી નામ નોંધાવે**

**સંપર્ક સરનામું :** (૧) મુનીરભાઈ, અમન એમ્પોરિયમ, ફલશ્રુતિ નગર, ભરૂચ. ફોન : ૪૧૨૧૩ (દુકાન), ૪૨૪૫૪ (ઘર)

(૨) હાફેઝ અબ્દુર્રહીમ, ભોલાવ. ફોન : ૨૮૪૧૧, (૩) શબ્બીર પટેલ, દયાદરા. ફોન : ૮૨૦૧૧, ૮૨૭૯૨





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم

نَحْمَدُہٗ وَنُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْم وَآلِہٖ وَاَصْحَابِہٖ اَجْمَعِیْن

અલ્લાહ તબારક વ તઆલા કુર્આન શરીફમાં ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ

‘‘તમારા પર તો એ જ હરામ કરેલ છે મુર્દાર અને લોહી અને સુવ્વરનો ગોશ્ત અને એ જેનાથી ઝબ્હ કરતી વખતે ગૈરે ખુદાનુ નામ બોલવામાં આવ્યું. પછી જે લાચાર બને, ન ઈચ્છે અને ન હદથી વધે તો બેશક ! અલ્લાહ બખ્શવાવાળો મેહરબાન છે.’’ *(કન્ઝુલ ઈમાન, સૂરએ નહ્લ)*

પ્યારી ઈસ્લામી બહેનો ! અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને કરીમમાં ચોખ્ખા શબ્દોમાં ઈર્શાદ ફર્માવ્યો કે સુવ્વરનો ગોશ્ત **હરામ** છે.

ફુકહાએ કિરામ ફર્માવે છે કે, સુવ્વરનું આખુ શરીર નાપાક છે. પરંતુ અફસોસ ! યહૂદીઓના ધોકાથી અરબ દેશોમાં સુવ્વરના ગોશ્તની સપ્લાય કોઈ ન કોઈ રૂપમાં કરવામાં આવે છે. એના સિવાય બાળકોના માટે બિસ્કીટ તથા ચોકલેટ, લિપસ્ટીક કે સુગંધીત સાબુ અને ટૂથ પેસ્ટમાં સુવ્વરની ચરબી મેળવવાનો નફો આપનારો ધંધો કેટલાય દિવસોથી ચાલુ છે. દરેક જાનવરોની ચરબી માણસના શરીર પર લગાડવાથી ઓગળી જાય છે પણ સુવ્વરની ચરબી જ એક એવી ચીજ છે કે જે માણસના શરીર પર નથી ઓગળતી એટલા માટે એને લિપસ્ટીક બનાવવાના ઉપયોગમાં લેવામાં આવે છે. અને એમાં કોઈ પણ પ્રકારના રજમાત્ર શકને દખલ નથી પણ ખરેખર જ હોઠો પર ઉપયોગ કરવામાં આવતી **દરેક પ્રકારની લિપસ્ટીક** (LIPSTICK) **તૈયાર કરવામાં સુવ્વરની ચરબીનો ઉપયોગ થાય છે.** ચાહે અન્ય દેશની કંપનીઓ હોય કે દેશી રજીસ્ટર્ડ કંપનીઓ હોય કે ગલી કૂચાઓમાં તૈયાર કરવાવાળી કંપનીઓ હોય. **બધા જ**

**સુવ્વરની ચરબીનો ઉપયોગ કરવામાં મજબૂર છે.**

## ☆ લિપ્સ્ટિક કદી ન વાપરો ! ☆

પ્યારી ઈસ્લામી બહેનો ! બદ્‌નસીબીથી અન્ય કૌમના મુકાબલામાં લિપસ્ટીકનો ઉપયોગ આપણા માહોલની નવજવાન સ્ત્રીઓમાં વધારે થઈ રહ્યો છે. અને હાલત એ છે કે આજે કોઈ પણ શાદી વગેરેની મેહફીલમાં લિપસ્ટીક વગર સ્ત્રીઓની હાજરીનો ખ્યાલ પણ નથી કરવામાં આવતો ! મજાની વાત એ છે કે આ બાબતમાં બેપર્દા અને પર્દાનશીન સ્ત્રીઓમાં કોઈ ફર્ક નથી !

પરંતુ કદાચ આ વાત અમારી બહેનોની જાણમાં નથી કે લિપસ્ટીક સુવ્વરની ચરબીની નાપાકીથી તૈયાર કરવામાં આવે છે જેને ઈસ્લામે ન માત્ર કે એ નાપાક અને ગંદી ગણવામાં આવે છે બલ્કે હરામ કહી છે.

જેથી મુસલમાન બહેનોને અદબ સાથે નમ્ર વિનંતી છે કે તેઓ સુવ્વરની ચરબીથી બનેલ લિપ્સ્ટીકને પોતાના હોઠોની શોભા હરગિઝ ન બનાવે, તેમજ બીજી મુસલમાન બહેનોને પણ એના ઉપયોગ કરવાથી બચાવે.

તેમજ તમામ મુસલમાનોનો પણ આ કૌમી ફર્ઝ છે કે **તેઓ પોતાની માં, બહેનો, વહુ અને બેટીઓને લિપ્સ્ટીક હરગિઝ ઉપયોગ ન કરવા** દે અને જેને લિપ્સ્ટીક ઉપયોગ કરતાં જુએ તેને **આ વાત જણાવવામાં આવે કે આ લિપ્સ્ટીકમાં સુવ્વરની ચરબીની નાપાકી છે** જે આપણા માટે તદ્દન હરામ છે.

તેમજ અમારી ઈસ્લામી બહેનોને માલૂમ થાય કે કઈ શોભા સુન્નતના મુતાબિક છે અને કઈ શોભા સુન્નતના વર્તુળથી બહાર નીકળી અંગ્રેજી ફેશનના અંધાર્યા ખાડામાં જઈને પડે છે અને દુનિયા તથા આખેરતની તબાહીનો સબબ બને છે, એને સમજવા માટે અમારી ફેશનેબલ બહેનોને નીચેની હદીષે પાક વંચાવે અને તેણીઓ ખુદાના ડરથી





કાંપે અને પોતાની સુધારણાની ફિકર કરે કે કયાંક ફેશન પરસ્તીની આફતમાં બંધાઈને કહરે કહ્‌હાર અન ગઝબે જબ્બારનો શિકાર ન થઈ જાવ !

## ☆ ફેશન પરસ્તોનો ભયાનક અંજામ ☆

મદીનાના સુલ્તાન નબીએ આખિરુઝ્ઝમાં મહબૂબે રહમાન صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માને આલીશાન છે કે, મેં કેટલાક એવા લોકો જોયા જેમની જીભો આગની કાતરોથી કાપવામાં આવી રહી હતી. મેં પૂછયું કે આ કોણ છે ?! તો મને જણાવવામાં આવ્યું કે **આ તે લોકો છે જેઓ નાજાઈઝ ચીજોથી શોભા મેળવતા હતા.**

તેમજ મેં એક ખાડો જોયો જેમાંથી ચીસોના અવાજો આવી રહ્યા હતા. મારા પૂછવા પર બતાવવામાં આવ્યું કે, **આ તે સ્ત્રીઓ છે કે જે નાજાઈઝ ચીજોનો ઉપયોગ કરીને શોભા (શણગાર) વધારતી હતી !** (શરહુસ્સુદૂર)

પ્યારી ઈસ્લામી બહેનો ! બસ, શણગાર એ જ કરો જેની શરીઅતે મુતહ્‌હરાએ રજા આપી અને હરગિઝ હરગિઝ ફિરંગી ફેશન ન અપનાવો જેનાથી અલ્લાહ عزوجل નો કહર તથા ગઝબ જોશમાં આવે. હવે એક ફેશનેબલ છોકરીનો ભયાનક બનાવ સાંભળો અને કાંપી ઉઠો !!!

દૈનિક પત્ર સાલાર, બેંગલોરમાં આવેલ સાચો બનાવ અને એક ઘણો જ બોધદાયક બનાવ આપની સમક્ષ હાજર છે :

અમદાવાદ (ગુજરાત–ભારત) શહેરના મહોલ્લા જમાલપુરના એક મુસ્લિમ ખાનદાનમાં ભૂતકાળના દિવસોમાં એક ઘણો જ અજબ ભયાનક બનાવ જોવામાં આવ્યો. જણાવવામાં આવે છે કે મુસ્લિમ કુટુંબની એ છોકરી પોતાની નવી નવી ફેશનના કારણથી ઘણી જ પ્રખ્યાત હતી. દરેક બાજુ એની ફેશનની ચર્ચાઓ હતી. નવી નવી ડિઝાઈન અને જાત જાતના ફેશનવાળા પોશાક પહેરવા, બનાવ શણગાર અને મેકપ કરવાનો તેણીને પ્રિય શોખ હતો.

એક દિવસ થોડીક બીમારી રહી પછી એનું અવસાન થઈ ગયું અને શહેરના કબ્રસ્તાનમાં એને દફન કરવામાં આવી.

ત્યાર પછી એક નવાઈ પમાડે તેવી વાત બની કે એની માંને એનો અવાજ સંભળાવા લાગ્યો અને તે છોકરી એકધારી ત્રણ રાતો સુધી માંના ખ્વાબમાં આવીને કહેવા લાગી કે, અમ્મી ! કબ્રમાંથી કાઢો ! હું જીવંત છું !

એની માં કહે છે કે હું આ બનાવથી ઘણો જ ગભરાટ અનુભવતી હતી અને મને એક અજાણ્યો ડર લાગી ગયો હતો.

માંના આંસૂઓએ છોકરીના બાપ અને ભાઈનાં દિલોને હચમચાવી દીધાં હતાં. જેથી એમણે મોહલ્લાવાળાઓને આ નવાઈ પમાડે તેવા બનાવથી ખબરદાર કર્યા. અને ચોથા દિવસે બે પોલીસવાળાઓની હાજરીમાં છોકરીની કબર ખોલવામાં આવી. જો કે એમાં છોકરી જીવંત તો હતી પણ ઘણી જ ઈબ્રતનાક હાલતમાં એના માથાના વાળો પર બે કાળા નાગ બેઠેલા હતા. મોઢા પર ગરોળી અને નખો પર જ્યાં પોતાની જિંદગીમાં નીલ પોલિશ લગાડતી હતી ત્યાં વીંછી ચોંટેલા હતા.

અસરની નમાઝના પછી મૂઝી જાનવર એ છોકરીના ઉપરથી હટી ગયાં. પોલીસ બેહોશ છોકરીને કબરમાંથી કાઢીને વાડી ચેરિટેબલ ઈસ્પિતાલ અમદાવાદના વોર્ડ નંબર ૧૭ માં લઈ ગઈ જ્યાં તેનો ઈલાજ ચાલી રહ્યો છે. એ છોકરીના હોઠ અદશ્ય થઈ ગયા છે લોકોને એની માત્ર એક વાત સંભળાઈ, લોકો ! નમાઝ પઢો ! રોઝા રાખો !

લોકોને એટલું જ સંભળાયું, એનાથી વધારે પણ સંભળાયું નહીં.

જણાવવામાં આવે છે કે આ વિચિત્ર રીતે ફરી જીવંત થવાવાળી ફેશનની દીવાની છોકરીની ઈબ્રતનાક હાલત જોવાની લોકોની લાઈન લાગેલી છે.

આ છોકરીને કનીઝ ફાતમા નામની છોકરીએ ઈસ્પિતાલ પહોંચીને ખૂદ પોતાની આંખોથી જોયી. લોકોમાં ચર્ચા છે કે ખુદાની તરફથી આ એક ચેતવણી છે કે ગફલત અને દુશ્મનની નકલો કરવાથી બચીને સાદગી





અને ધર્મના રિવાજના પ્રમાણે લોકો ચાલે. ખાસ કરીને ફેશનપરસ્ત સ્ત્રીઓ માટે આ બનાવને વાંચવો જરૂરી છે.

એવા જ લોકોને સબક મેળવવાના માટે અલ્લાહ તઆલાની તરફથી આવા જુદા જુદા પ્રકારના બનાવો જાહેર થતા રહે છે કે અય ગાફિલ બંદાઓ ! આ બનાવને જોઈને સબક મેળવો અને ગૈર કૌમના અનુકરણથી અલગ થઈ જાઓ.

## ☆ ફેશન કરવાવાળાઓ ! ખબરદાર !!! ☆

મુસલમાનો ! કાંપી ઊઠો ! ફેશનેબલ છોકરીના ઉપર જણાવેલ એ ગજબનાક બનાવને વારંવાર વાંચો અને ખુદાના ડરથી ઠર ઠરી જાવ ! અને આ ક્ષણિક જિંદગીને એવી રીતે પસાર કરવાની કોશિશ કરો જેનાથી અલ્લાહ عزوجل અને એના હબીબ صلی اللہ تعالٰی علیہ وسلم રાજી થઈ જાય, જાત જાતના ફેશનવાળા પોશાક પહેરવાવાળાઓ ! અને ફેશન કરીને ગલીઓ, બજારો, શોપીંગ સેન્ટરો અને હરવા ફરવાની જગાઓમાં બે પર્દા કરવાવાળી મહીલાઓ અલ્લાહ عزوجل ની બારગાહમાં રડી રડીને પોતાના ગુનાહોની માફી માંગી લો ! અલ્લાહ عزوجل ની રહમત ઘણી જ મોટી છે તે જરૂર માફ ફર્માવશે. જો ફેશન પરસ્તીની આવી રીતે મસ્તી સવાર રહી તો યાદ રાખો ! અલ્લાહ عزوجل નો કહરો ગઝબ સખત છે ! અલ્લાહ عزوجل ઉમ્મતના હાલ પર રહમ ફર્માવે.

**ફરિયાદ ! અય કશ્તીએ ઉમ્મતકે નિગેહબાન !**
**બેળા યે તબાહી કે કરીબ આન લગા હૈ !**

## ☆ નીલ પોલિશ લગાડવું સખત ગુનોહ છે ☆

આજકાલ બદનસીબીથી મુસલમાનોમાં નીલ પોલિશની ફેશન જાહેર થઈ ગઈ છે અને ઘણી જ ઓછી ઈસ્લામી બહેનો એવી હશે જે આ ફેશનથી બચતી હશે ! બલ્કે અમુક વખતે તો મર્દ પણ નખોની પોલિશ લગાવી નાખે છે ! જેથી દર્દભરી નમ્ર ગુઝારિશ કે પ્રથમ તો આ નીલ પોલિશ નાપાક

હોય છે કેમ કે એમાં સ્પ્રિટ નાખવામાં આવે છે અને સ્પ્રિટ પોતે દારૂનો એક પ્રકાર છે અને દારૂ નાપાક છે. બીજુ એ કે નખ પર એનુ પડ જામી જાય છે જેના કારણથી એની નીચે પાણી નથી પહોંચતું જેથી જેના નખો પર આ પોલિશ લગાડેલ હોય છે એમનું ન તો વુઝૂ થાય છે ન ગુસ્લ ઊતરે છે.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :– وَاِنْ كُنْتُمْ جُنُبًا فَاطَّهَّرُوْا

**અનુવાદ** : ''અને જો તમને નહાવાની જરૂરત હોય તો ખૂબ પાક થઈ સુથરા થઈ જાવ'' *(કન્ઝુલ ઈમાન, સૂરએ માઈદા)*

અને જાહેર છે જ્યારે વુઝૂ ગુસ્લ ન થશે તો નમાઝ કેવી રીતે થશે ? અને જે ઘરમાં કોઈ જુનૂબી (એટલે વિના ગુસ્લવાળો) હોય છે એમાં રહમતના ફરિશ્તાઓ પણ દાખલ થતા નથી. તો જાહેર છે કે જ્યારે રહમતના ફરિશ્તાઓ દાખલ નહીં થાય તો પછી નહૂસત જ નહૂસત હશે ! જેથી ઈસ્લામનું દર્દ રાખવાવાળી માં બહેનોથી કહેવામાં આવે છે કે પોતાના હાલ પર રહમ કરો ! પોતાની આખેરતને બર્બાદ થવાથી બચાવો અને નીલ પોલિશથી હમેશાં હમેશાંના માટે તૌબા કરી લો. પોતાનાં છોકરાં છોકરીઓને પણ નીલ પોલિશ ન લગાડયા કરો નહીં તો એનો ગુનોહ પણ આપના પર જ જશે !

## ☆ જુનૂબી (ગુસ્લ વગરના) રહેવાનો અઝાબ ☆

હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, જે વ્યકિત જનાબતના ગુસ્લમાં એક વાળની જગા ધોયા વગર છોડી દેશે તો એની સાથે આગથી આવુ આવુ કરવામાં આવશે ! (એટલે અઝાબ આપવામાં આવશે.) *(અબૂ દાઊદ શરીફ)*

## ☆ કબરનો અઝાબ ☆

શરહુસ્સુદૂરમાં અલ્લામા જલાલુદ્દીન સ્યૂતી رحمۃ اللہ علیہ નકલ ફર્માવે





છે : હઝરત સૈયદના અબ્દુલ્લાહ બજલી رضی اللہ تعالٰی عنہ એ ફર્માવ્યું, અમારો એક પડોશી મરણ પામ્યો તો અમે કફન દફનમાં શરીક થયા. જ્યારે કબ્ર ખોદવામાં આવી તો એમાં બિલાડાની શકલનું એક દર્દનાક જાનવર હતુ. અમે એને માર્યો તો એ ન હટયો તેથી બીજી વાર કબ્ર ખોદવામાં આવી. તો એમાં એ જ બિલાડો હાજર હતો ! એની સાથે પણ એવું જ કરવામાં આવ્યું જે પહલાંથી સાથે કરવામાં આવ્યું હતું પણ એ પોતાની જગાએથી ન હાલ્યો. એના પછી ત્રીજી કબર ખોદવામાં આવી તો એમાં પણ આ જ બનાવ બન્યો ! છેવટે લોકોએ સલાહ આપી કે હવે એને આજ કબરમાં દફન કરી આપો. જ્યારે એને દફન કરી દીધો તો કબરમાં ઘણો જ જોરથી અવાજ સાંભળવામાં આવ્યો ! તો અમે એ વ્યકિતની પત્ની પાસે ગયા અને એને મરણ પામેલના અમલના વિશે પૂછયું કે એનો અમલ શો હતો ? તો મરણ પામેલાની પત્નીએ જણાવ્યું કે : ''તે જનાબતનું ગુસલ કરતો ન હતો !''

પ્યારી ઈસ્લામી બહેનો ! ઘણા જ અફસોસની વાત છે કે આવા ઈબ્રતનાક બનાવોની આપણા પર કોઈ અસર નથી થતી. બસ ! થોડીવાર પૂરતી અસર થાય છે પરંતુ આ અસર કરવાવાળી થોડીક ક્ષણો વીતી ગયા પછી આપણે હોઈએ છીએ અને આપણી એ જ ખોટી આદત !!

છેવટે આવુ કેમ થાય છે ? શું ગુનાહ કરતાં કરતાં આપણાં દિલો કાળાં તો નથી થઈ ગયાં ?! કેમ કે વધારે પડતા ગુનાહ દિલને કાળુ કરી દે છે અને એ કાળા દિલ પર કોઈ પણ નસીહત અસર કરતી નથી !

જો આપણી સાથે એવું થયું છે તો આપણે જોઈએ કે નેકીઓના થકી દિલને કાળા ડાઘાઓથી ધોઈ નાખીએ. આ બનાવોથી સબક પ્રાપ્ત કરીને પોતાની હાલતને બદલી નાખીએ અને ગૈર કૌમનું અનુકરણ કરવાના બદલે પોતાને ઈસ્લામી હુકમોના ઢાંચામાં ઢાળીને ગૈરકૌમની સામે એક નમૂનો બનીને દેખાડીએ, એક એવો નમૂનો કે જે પણ જુએ આપણુ અનુકરણ કરે અને જો એવું નહીં કરીએ તો સમજી લો કે ખુદાનો

કહેર આપણા પર તૂટી શકે છે. અલ્લાહ તઆલા આપણને સૌ મુસલમાનોને આ બનાવોથી સબક પ્રાપ્ત કરવાની નેક તૌફીક અતા કરે. (આમીન)

## ★ સ્પ્રે-સેન્ટ હરામ છે ★

પ્યારી ઈસ્લામી બહેનો ! બદનસીબીથી આજ કાલ માત્ર સુગંધોનું મળવું ઘણુ જ અઘરું થઈ ગયું છે. હવે ખાસ કરીને અત્તરો કેમીકલ્સથી બનાવવામાં આવે છે, એનું પોશાકમાં ઉપયોગ કરવું જાઈઝ તો છે પણ માથામાં લગાડવું નુકસાનકારક છે. આજકાલ એક જાહેર બલા એ ફેલાઈ ચૂકી છે કે સ્પ્રે સેન્ટ જાહેર થઈ ગયાં છે. ખાસ કરીને એમાં આલ્કોહોલની નાપાકી હોય છે અને આલ્કોહોલવાળા અત્તરનો ઉપયોગ સખત ગુનોહ છે. બલ્કે દારૂની નાપાકીવાળા અત્તર (એટલે આલ્કોહોલવાળુ સેન્ટ)ની સુગંધ લેવી પણ ફતવાએ રઝવિય્યહ્ શરીફમાં નાજાઈઝ લખ્યું છે. જેથી કારોમાં અને ઘરની દીવાલો વગેરે પર પણ એનો ઉપયોગ ન કરો. આલ્કોહોલવાળા સેન્ટની જાણકારી એ છે કે જો એને હથેળી પર લગાડવામાં આવે તો તરત જ ઉડી જશે જેથી હથેળી પર ઠંડક પણ લાગશે.

## ★ સ્ત્રી કેવી સુગંધનો ઉપયોગ કરે ? ★

હઝરત સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે પ્યારા આકા સરકારે અબદ કરાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, પુરુષોની સુગંધ એ છે કે એની સુગંધ તો જાહેર થાય પણ રંગ જાહેર ન થવો જોઈએ, અને સ્ત્રીઓની સુગંધ એ છે કે એનો રંગ તો જાહેર થાય પણ સુગંધ જાહેર ન થાય. (શમાઈલે તિર્મિઝી)

આ હદીષે પાકથી જણાયું કે ઈસ્લામી બહેનો રંગવાળી સુગંધોનો પણ ઉપયોગ કરી શકે છે, જેની સુગંધ વધારે પ્રસરતી ન હોય, જેવું કે હિના વગેરે. જેથી ઈસ્લામી બહેનોએ એવી સુગંધ ન લગાડવી જોઈએ જેની સુગંધ ઉડીને ગૈર પુરુષો સુધી પહોંચી જાય. ઈસ્લામી બહેનો ! નીચેની





હદીષ વાંચો અને બોધ પ્રાપ્ત કરો.

## ★ વ્યભિચારીણી સ્ત્રી ! ★

હઝરત સૈયેદના અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે કોઈ સ્ત્રી સુગંધ લગાડીને લોકોમાં નીકળે છે જેથી એની સુગંધ લોકોને મળે તો એ સ્ત્રી વ્યભિચારીણી છે. (નિસાઈ)

## ★ પુરુષો જેવા જોડા પહેરવાવાળી સ્ત્રી પર લા'નત ★

ઉમ્મુલ મો'મીનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી કહેવામાં આવ્યું કે એક સ્ત્રી પુરુષો જેવા પગરખાં પહેરે છે. આપે ફર્માવ્યું કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ પુરુષો જેવું કરનાર સ્ત્રીઓ પર લા'નત ફર્માવી. (અબૂ દાઊદ)

એક તાબઈ رضی اللہ عنہ હુઝેલીથી ફર્માવે છે : હું અબ્દુલ્લાહ બિન ઉમર બિન આસ رضی اللہ عنہما ની ખિદમતમાં હાજર હતો. એક સ્ત્રી કમાન લટકાવી પુરુષની ચાલ ચાલતી સામેથી પસાર થઈ. હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ પૂછયું, કોણ છે ? મેં કહ્યું, ઉમ્મે સઈદ બિન્તે અબૂજહલ. આપે ફર્માવ્યું, મેં સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યું કે, અમારામાંથી નથી એ સ્ત્રી જે પુરુષોથી જેમ વર્તન કરે અને એ પુરુષ જે સ્ત્રીઓની જેમ વર્તન કરે. (ઈમામ અહમદ)

જેવી રીતે પુરુષોને સ્ત્રીઓની નકલ જાઈઝ નથી એવી રીતે સ્ત્રીઓ પણ પુરુષોની નકલ નથી કરી શકતી.

## ★ બિંદી (ટીકો) લગાવવો હરામ છે ★

બદનસીબીથી હિન્દુસ્તાન અને પાકિસ્તાનના અમુક ભાગોમાં પેશાની (કપાળ) પર બિંદી (ટીકો) સ્ત્રીઓ લગાડે છે. એ કાફિર સ્ત્રીઓની

ધાર્મિક નિશાની છે, મુસલમાન સ્ત્રીઓ એને ફેશનની રીતે લગાડે છે અને કાફિરોની નિશાની અપનાવવી સખત હરામ છે.

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે બેઈજ્જતી તથા ખુવારી એના પર રાખવામાં આવી જે મારા હુકમની વિરૂધ્ધ કરે. અને જો કોઈ જે કૌમની જેમ અનુકરણ કરે તેઓ એમનામાંથી છે ! અને એક જગાએ ઈર્શાદ ફર્માવ્યો કે, જે જે કોઈ કૌમનુ અનુકરણ કરે છે એનો હશ્ર એની સાથે થશે.

જેથી ઈસ્લામી બહેનોને કહેવામાં આવે છે કે આપની મુકદ્દસ પેશાનીઓ પર કાફિરોની નિશાની ફેશનની રીતે ઉપયોગ કરવાથી બચો અને કાફિર મુશ્રિકની નકલ કરવાથી પરહેજી કરો.

## ★ ફેશન પરસ્ત સ્ત્રીઓ લા'નતી છે ! ★

હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે : તેમણે ફર્માવ્યું કે અલ્લાહ عزوجل ની લા'નત શરીર પર કોતરણ કરાવવાવાળાઓ અને વાળ ઉખેડવાવાળાઓ પર. એટલે જે સ્ત્રીઓ ભવાંના વાળ ઉખેડીને (આઈબ્રો) ભવાંને ખૂબસૂરત બનાવે છે એના પર લા'નત અને ખૂબસૂરતીના માટે દાંત ઘસાવવાવાળાઓ પર, એટલે એ સ્ત્રીઓ જે દાંતોને ઘસાવીને ખૂબસૂરત બનાવે છે અને એવી રીતે અલ્લાહ عزوجل ની પૈદા કરેલ ચીજને તેણી બદલી નાખે છે.

જ્યારે આ ખબર એક સ્ત્રીને પહોંચી તો એણે હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما ની પાસે હાજર થઈને વિનંતી કરી કે શું આ સાચું છે કે જેવી કે મને ખબર મળી કે આપે ફલાણા ફલાણા પ્રકારની સ્ત્રીઓ પર લા'નત કરી છે ? એમણે ફર્માવ્યું, હું શા માટે લા'નત ન કરું એમના પર જેના પર હુઝૂર તાજદારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ લા'નત કરી ! અને એમના પર જે અલ્લાહની કિતાબમાં **મલઊન** છે ! તેણીએ કહ્યું, મેં





અલ્લાહની કિતાબ પઢી છે, મને તો એમાં આ ચીજ નથી મળી ! ફર્માવ્યું, તેં ધ્યાનથી પઢયું હોત તો જરૂર એને જોઈ લેત ! શું તેં આ નથી પઢયું ? :–

وَمَآ اٰتٰکُمُ الرَّسُوْلُ فَخُذُوْہُ وَمَا نَہٰکُمْ عَنْہُ فَانْتَہُوْا

''અને જે કાંઈ તમને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અતા ફર્માવે તે લો અને જેનાથી મના ફર્માવે દૂર રહો. (કન્ઝુલ ઈમાન, સિપારો–૨૮, રુકૂઅ–૪)

એ સ્ત્રીએ વિનંતી કરી, હા જી ! આ પઢયું છે. હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે મદની આકા صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવું કરવાથી મના ફર્માવ્યું છે. (જેમ કે આગળ આવી ગયું.)

એક રિવાયતમાં છે કે એના પછી એ સ્ત્રીએ વિનંતી કરી કે એમાંની અમુક વાતો તો આપની પત્ની મોહતરમામાં પણ છે ! હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما એ ફર્માવ્યું, અલ્હમ્દુલ્લિાહ ! એવું નથી ! જો સંતોષ કરવાનું ચાહો તો અંદર જઈને જોઈ લો ! એના પર તેણી આપના મકાનમાં ગઈ, પછી જ્યારે પાછી ફરી તો આપે ફર્માવ્યું, શું જોયું ? એણે કહયું, કાંઈ નથી જોયું ! (એટલે આપની પત્ની મોહતરમામાં કોઈ ફેશનવાળી વાત જ નથી.) હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જો તેણીમાં એ વાત હોત (એટલે તેણી ફેશનેબલ હોત) તો મારી સાથે ન હોત, એટલે એવી સ્ત્રી મારા ઘરમાં નથી રહી શકતી. (બુખારી, મુસ્લિમ)

## ★ ભવાં (આઈ બ્રો) બનાવવી હરામ છે ★

પોતાના કે બીજી સ્ત્રીના દાંત ઘસવાવાળી કે ચપટીથી ભવાંના વાળોને ઉખેડીને ખૂબસૂરત બનાવવાવાળી અને જેણે બીજીના વાળ ઉખેડયા એ બધી પર હદીષમાં લા'નત આવી છે. (દુર્રે મુખ્તાર)

## ★ ચેહરાના વાળ ઉખેડવા ★

દોરા કે ચપટીથી ચેહરાના વાળ (ભવાં વગેરે) ઉખેડવા સ્ત્રીઓ

માટે મકરૂહ છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ચેહરાના વાળ ઉખેડવાવાળાઓ પર લા'નત ફર્માવી છે. જેથી ભવાંના વાળ જો મોટા થઈ જાય તો એને નાના કરાવી શકાય છે પણ મુંડાવી નથી શકાતા. આ પરથી (૧) વાંકોળીયા વાળો બનાવવા વાળી સ્ત્રીઓ વિચાર કરે તથા (૨) બ્યુટીશયનનો કોર્સ કરવાવાળી સ્ત્રીઓ વિચાર કરે.

## ★ અન્યના નકલી વાળ હરામ છે ★

(૧) માણસોના વાળોની ચોટલી બનાવીને સ્ત્રી પોતાના વાળોમાં ગૂંથે એ હરામ છે. હદીષે મુબારકામાં એના પર લા'નત આવી. બલ્કે એના પર પણ લા'નત આવી જેણે કોઈ બીજી સ્ત્રીના માથામાં માણસના વાળોની ચોટલી ગુંથી આપી. (દુર્રે મુખ્તાર)

(૨) જો તે વાળ જેની ચોટલી બનાવવામાં આવી તે ખૂદ તે સ્ત્રીના પોતાના જ છે જેના માથામાં ચોટલી ગુંથી છે, તો પણ નાજાઈઝ છે. (દુર્રે મુખ્તાર)

(૩) ઊન કે કાળા દોરાની ચોટલી ઈસ્લામી બહેનોએ માથામાં લગાડવી જાઈઝ છે. (દુર્રે મુખ્તાર)

## ★ વાળોને (ખિઝાબ) કાળા કરવા હરામ છે ★

હઝરત હસન رضی اللہ عنہ રિવાયત કરે છે કે અમુક લોકો પોતાના સફેદ વાળોને કાળામાં બદલી રહ્યા હતા. આકા صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ જોઈને ફર્માવ્યું, અલ્લાહ તઆલા કિયામતના દિવસે એમનાં મોઢાં કાળાં કરશે ! હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત છે કે આકાએ નામદાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ લોકો જન્નતની ખુશ્બૂ પણ નહીં સુંઘી શકે.

**નોંધ :** મેંહદીનો ખિઝાબ લગાવવો જાઈઝ છે પણ કુદરતી મેંહદીનો જાઈઝ અને હાલ જે કાળા વાળ કરતી મેંહદી વેચાય છે તેનાથી વાળ કાળા કરાય છે તે **હરામ** છે. (ગુન્યતુત્તાબિબીન)





## ★ ત્રણ મલઊન ★

હઝરત સૈયેદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તાજદારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ લા'નત ફર્માવી સ્ત્રીઓની આદતોવાળા પુરુષો પર જે સ્ત્રીઓની સૂરત બનાવે અને મર્દાની સ્ત્રીઓ પર જે પુરુષોની સૂરત બનાવે, અને જંગલના એકલા સવાર પર, એટલે જે ભય હોવાની હાલતમાં પણ એકલો સફર કરે. (ઈમામ અહમદ)

## ★ લાનતનો અર્થ ★

પ્યારી ઈસ્લામી બહેનો ! જોયું આપે ! કે ન પુરુષ સ્ત્રીની નકલ કરી શકે છે અને ન તો સ્ત્રી પુરુષની નકલ કરી શકે છે. જે આવું કરશે એના પર અલ્લાહના પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم એ લા'નત ફર્માવી છે અને લા'નતનો અર્થ થાય છે અલ્લાહની રહમતથી દૂર ! જે બહેનો શર્ટ, પેન્ટ, જિન્સ વગેરે પરૂષો જેમ પહેરે છે તેમનામાં ઈસ્લામની મહોબ્બત હોય અને ખુદા વ રસૂલ પર ઈમાન હોય તો તે ચીજોથી આજે જ તૌબા કરી લે.

પ્યારી ઈસ્લામી બહેનો ! તે સ્ત્રીઓ પાઠ શીખે જે પોતાના અને પોતાની બાળકીઓના વાળ બેબીકટ, બોયકટ, ફૅંગ વગેરે કપાવે છે. આ બધી આદતને બદલવાની છે, એ ફિરંગી ફેશન છે જેથી આ બધાથી સાચી તૌબા કરો.

## ★ બેપર્દા રહેવું હરામ છે ★

અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :– قُلْ لِّلْمُؤْمِنِیْنَ یَغُضُّوْا مِنْ
وَلَعَلَّکُمْ تُفْلِحُوْنَ

એ આયતે કરીમાથી નીચે પ્રમાણેના હુકમો જણાયા :–

ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓ પોતાની નજરો

નીચે રાખે જેથી પુરુષોની નજરો સ્ત્રીઓથી અને સ્ત્રીઓની નજર પુરુષોથી અલગ રહે.

પુરુષો અને સ્ત્રીઓ પોતપોતાની શર્મગાહોની હિફાઝત કરે. આ હુકમના હેઠળ ઝિનાકારીના ઉપરાંત અન્ય સર્વ તરીકા નાજાઈઝ શહવત અને બદકારી તથા બુરી નજરના આવી ગયા. આશિકીની વાર્તાઓ અને ડ્રામાઓ બેહયાઈનાં દ્રશ્યો બતાવનારા થિયેટરો અને સિનેમા, વિચારોના જુસ્સામાં હલચલ પૈદા કરવાવાળી તસ્વીરો, ફોટા વગેરે સર્વ એના હેઠળ આવી જાય છે. સ્ત્રીનો પોતાનો શણગાર એ શરીરનો હોય કે શરીરને લગતો કોઈ ગૈર પુરુષ પર જાહેર ન થવા દે. એના હેઠળ દરેક એ ચીજ આવી જાય છે જે બીજાઓના માટે આકર્ષણનું કારણ બને. જેમ કે રૂપાળો સજાવટવાળો ચહેરો, મટક મટક ચાલ, પોશાક, ખુશ્બૂ, પાઉડર, કાજલ વગેરે. કેમ કે એનાથી તબિયતમાં આકર્ષણ ઉદ્ભવે છે અને લોકો એની તરફ ધ્યાનમગ્ન થઈ જાય છે અને એ સ્ત્રીની શરાફતની વિરુધ્ધ છે. ચેહરાને ખુલ્લો રાખવો એ પણ એમાં જ દાખલ છે કેમ કે ચેહરો ખુલ્લો હોવો ફિત્નાઓને આમંત્રે છે.

## ★ દોઝખી સ્ત્રીઓ ! ★

એના અનુસંધાનમાં એક હદીષ બીજી સાંભળી લો અને તેને હમેશાં યાદ રાખો.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે દોઝખીઓમાં બે જૂથ છે, એક એમનામાંથી એ સ્ત્રીઓનું છે જે (જાહેરમાં તો) કપડાં પહેરે છે પણ (ખરેખર) નગ્ન છે ! એટલે એટલા પ્રમાણમાં બારીક પાતળાં અને એવી પરવા કર્યા વગર કપડાંનો ઉપયોગ કરે છે કે એમનું શરીર કપડાંમાંથી ચમકે છે અને કોઈ જગાએથી ખુલ્લું તો કોઈ જગાએથી છુપાવેલ હોય છે અને બીજા પુરુષો પ્રતિ આકર્ષણ કરે છે (કે શણગાર સજીને બીજાઓનુ દિલ લોભાવે છે, માથા પરથી દુપટ્ટો ઉતારી નાખે છે જેથી અન્ય પુરુષો ચહેરો વગેરે જુએ !)





અને લટકાં મટકાં કરીને ચાલે છે (જેથી બીજાઓને આકર્ષે અને પોતાની તરફ જોવા મજબૂર કરે.) એવી સ્ત્રીઓ હરગિઝ જન્નતમાં દાખલ થશે નહીં અને જન્નતની ખૂશ્બૂ પણ નહીં મેળવી શકશે. એટલે સુધી કે જન્નતની ખૂશ્બૂની ઘણી જ દૂરથી ખબર પડી જાય અને દૂર દૂર સુધી ફેલાય છે.

(મિશ્કાત)

પ્યારી ઈસ્લામી બહેનો ! સ્ત્રીઓ ચાલતી વખતે જમીન પર પોતાના પગો જોરથી ન મૂકે કે જેથી એમની અંદરનો ઝંકાર ખબર પડી જાય. એનાથી જાણવા મળ્યું કે દરેક એ અવાજ જે મિલાપ અને દિલને ખુશ કરવાનો સબબ હોવાથી મના છે. ખખડતી જણસો જેમ કે સેંપલ કે ઝાંઝર પહેરીને જમીન પર જોર જોરથી પગો મૂકવા એ એમાં ગણાય છે. એટલા માટે જોઈએ કે સ્ત્રીઓ ખખડતા ઝાંઝર ન પહેરે. હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલા એ કૌમની દુઆઓ કબૂલ નથી કરતો જેની સ્ત્રીઓ ઝાંઝર પહેરે છે. એનાથી સમજવું જોઈએ કે જ્યારે જણસોનો અવાજ દુઆ કબૂલ ન થવાનું કારણ છે તો ખાસ સ્ત્રીનો અવાજ અને તેનુ ખુલ્લુ ફરવું કેવી બરબાદીનું કારણ હશે !

★ તાંબા, પિત્તળ, લોઢાની બનેલી જણસો પુરૂષો તથા સ્ત્રીઓના માટે નાજાઈઝ છે.

પ્યારી ઈસ્લામી બહેનો ! અલ્લાહ عزوجل નુ ફર્માન અને અહાદીષે કરીમા અને દિલ હચમચાવી નાખનાર બનાવો આ બધામાં તેમના માટે જબરદસ્ત ઈબરત છે જેઓ ગૈરકૌમનુ અનુકરણ કરવામાં ગર્વ અનુભવે છે અને પશ્ચિમી અનુકરણમાં અંધાધૂંધ દોડીને પોતાના દીન ધર્મની તા'લીમાત તથા હુકમોથી લાખો માઈલ દૂર થઈ ગઈ છે.

ગૈર કૌમની રીતો અપનાવીને આજે મુસલમાન પોતાની ઓળખ બદલી ચૂકયો છે. હવે કાફિર અને મુસલમાનમાં ફર્ક કરવો મુશ્કેલ થઈ પડયો છે. મુસલમાન સ્ત્રીઓ ન માત્ર એ કે માત્ર બેપર્દા ઘુમતી ફરે છે

બલ્કે કઠ પૂતળીઓનો પોશાક પહેરીને ગેર પુરુષોની સામે ખુલ્લી આવે છે, અને તેઓ આમ કરવામાં કોઈ આડ કે શરમ અનુભવતી નથી ! તેણી એ પણ નથી જાણતી કે બેપર્દા સ્ત્રીઓના માટે કુર્આને પાકમાં સખત ધમકી આવી છે ?

ઔરતને ઔરત એટલે (પર્દો) છુપાવવું એટલા માટે કહેવામાં આવે કે તેણી છુપાવવાની ચીજ છે. પોતાને માથાથી લઈને પગો સુધી ગૈર પુરુષોની નજરોથી છુપાવવી જોઈએ, બિલકુલ એવી રીતે જેવી રીતે જણસો અને દોલતને છુપાવીને સંતાડીને તાળાં અને લોકરમાં રાખવામાં આવે છે.

## ★ ખુલ્લા વાળે ખુલ્લા ચોટલે ફરતી ઔરતો સાંભળે ! ★

સ્ત્રીઓએ તો માથાના વાળને પણ છુપાવવા જોઈએ પરંતુ અફસોસની જગા છે કે હવે તો સ્ત્રીઓના શરીર પરથી ઓઢણી લગભગ અદશ્ય થઈ ગઈ છે !

વિચારવાનો મકામ છે ! જ્યારે કે આકાએ દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદે આલી છે. આપ ફર્માવે છે કે મેઅરાજની રાતે મારે એવી સ્ત્રીઓ પાસેથી પસાર થવાનું થયું જે વાળોના વડે લટકી રહી હતી અને એમના દિમાગો ઉકળતી દેગની જેમ ઉકળી રહ્યાં હતાં. મેં જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام થી પૂછયું કે આ કઈ સ્ત્રીઓ છે ?

હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ તે સ્ત્રીઓ છે જેઓ પોતાના માથાના વાળોને છુપાવતી ન હતી અને ગૈરપુરુષોની સામે એને પ્રકટ કરતી હતી.

કેટલી સખત ધમકી છે ! માત્ર વાળોને પ્રકટ કરવાવાળી સ્ત્રીઓના માટે તો જે સંપૂર્ણ ખુલ્લી બેપર્દા હોય એનુ શું થશે ?! (હવે કપડાં પારદર્શક પહેરાય છે ! જેમાંથી આખુ શરીર બહાર નજરે પડે છે !





તો એવાં કપડાં સ્ત્રીઓ ન પહેરે, એવાં કપડાં નીચે અસ્તર મૂકાવે અને અઝાબથી બચે.)

પ્યારી ઈસ્લામી બહેનો ! પોતાના પતિઓના માટે જાઈઝ ચીજોથી પણ ઘરની ચાર દીવાલોમાં શણગાર કરો. પરંતુ મેકઅપ કરીને અને બની ઠનીને ઘરેથી બહાર ન નીકળ્યા કરો કે આપણા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઔરત પૂરેપૂરી ઔરત છે એટલે સ્ત્રીનું આખુને આખુ બદન છુપાવવાનું છે જેથી તેણીએ પર્દામાં રહેવું જોઈએ. જ્યારે કોઈ સ્ત્રી બહાર નીકળે છે તો શૈતાન એને ધારી ધારીને જુએ છે. (તિર્મિઝી)

## ★ સ્ત્રીઓ બારીક, પાતળા પોશાક ન પહેરે ★

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે અસ્મા رضی اللہ عنہا બારીક કપડાં પહેરીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામે આવ્યાં. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મોઢું ફેરવી લીધું અને ફર્માવ્યું, "અસ્મા ! સ્ત્રી બાલિગ થઈ જાય તો એના શરીરનો કોઈ પણ ભાગ ન દેખાવો જોઈએ, સિવાય મોઢું અને હથેળીઓના. (અબૂ દાઊદ)

★ ઉલ્માએ કિરામ ફર્માવે છે કે માથુ અને છાતી બે જગા ખાસ કરીને શણગારના છે.

## ★ સ્ત્રીઓએ બારીક પાતળી ઓઢણી ઓઢવી મના છે ★

હઝરત હફસા બિન્તે અબ્દુર્રહમાન હઝરત આઈશા رضی اللہ عنہا ની પાસે બારીક ઓઢણી ઓઢીને આવ્યાં. હઝરત આઈશા رضی اللہ عنہا એ એમની ઓઢણી ફાડી નાખી અને જાડી ઓઢણી આપી દીધી. (ઈમામ માલિક)

## ★ બારીક ઓઢણીથી નમાઝ નથી થતી ★

ઉપરની હદીષે મુબારકથી અમારી ફેશન પરસ્ત બહેનો પાઠ

શીખે કે આપણા પ્યારા આકા સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બારીક પોશાક પહેરવાની સખ્તીથી મનાઈ ફર્માવી છે અને આપણા મો'મીનોની પ્યારી માં સૈયદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ તો બારીક ઓઢણી જ ફાડી નાખી !

પરંતુ આજકાલ બદનસીબીથી આપણે ત્યાં સીફોન અને જોરજેટની બારીક ઓઢણીઓ ઘણી જ રિવાજમાં છે. એને માથા પર ઓઢીને ગૈરપુરુષની સામે આવવું **હરામ** છે. કેમ કે એનાથી વાળોની કાળાશ ચમકે છે, દેખાય છે અને સ્ત્રીના વાળ પણ તો છુપાવવાની ચીજ છે. જેથી એવી બારીક ઓઢણી ઓઢીને નમાઝ પણ થશે નહીં. નમાઝમાં એટલી જાડી ચાદરથી માથુ ઢાંકવું ફર્ઝ છે કે જેનાથી વાળોની કાળાશ જાહેર ન થાય. અલ્લાહ عزوجل આપણી ઈસ્લામી બહેનોને પર્દાની તૌફીક અતા કરે કે તેઓ પોતાની વહુ, બેટીઓને પર્દાની પાબંદી કરાવે. જેવું કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ

અય ગૈબની ખબર આપવાવાળા મેહબૂબ ! પોતાની બીબીઓ અને સાહેબઝાદીઓ અને મુસલમાનની સ્ત્રીઓને કહી આપો કે પોતાની ઉપર ચાદર (બુરખો) ઓઢી લીધા કરે.

એનો ચોખ્ખો અર્થ એ છે કે નેક સ્ત્રીઓ એ છે કે જ્યારે ઘરેથી કોઈ કારણના લીધે પગ બહાર કાઢે તો એમનું આખું શરીર કોઈ ચાદર કે બુરખાથી માથાથી પગ સુધી ઢંકાયેલું રહેવું જોઈએ. આ પ્રકારના બધા હુકમોનું પરિણામ એ છે કે સ્ત્રી પોતાના પહેરવેશથી પોશાકથી ઈજ્જતદાર બીબી જણાય કે જે સ્ત્રીની ચાલ, ઢાલ, શાંત અને સંસ્કારી હોય છે. આવારા લોકો લફંગા અને બદમાશોને પણ એને છેડવાની હિંમત મુશ્કેલ થઈ જાય છે. એવી ફેશન પર લા'નત જે જાહેલિયતના જમાનાની જેમ અર્ધ નગ્ન કરી દે.





## ★ શરીઅતના પ્રમાણે બુરખો ★

હઝરત ફાતેમતુઝ્ઝોહરા رضی اللہ عنہا ફર્માવે છે કે **સ્ત્રીના માટે બધાથી શ્રેષ્ઠ ચીજ એ છે કે તેઓ ગૈરપુરુષોની નજરોથી બચેલ રહે.**

પ્યારી ઈસ્લામી બહેનો ! શરીઅત પ્રમાણેનો બુરખો એ છે જેનાથી ચેહરાની સાથે આખા શરીરને છુપાવેલ હોય જેનાથી શરીરના અંગોનો આકાર ન દેખાય, રંગબેરંગી મોતી લાગેલા, નકશીદાર ઝર્ક બર્ક (ચમકતો) અને ભડકીલો ન હોય ! સાદો અને જાહેરી શોભાથી પાક અને ઢીલો હોય કે જેથી એ ખબર ન પડે કે એમાં નવજવાન છે કે ઘરડી. આજકાલ ચહેરો ખુલ્લો રાખવાની વબા આમ છે અને જુદા જુદા પ્રકારના બુરખાઓ વપરાવા લાગ્યા છે. ખબર જ ન પડતી કે આ બુરખો છે કે મેકસી ! અને ચહેરા પર નાનો સરખો આકર્ષક સુંદર સ્કાફ હોય છે ! આ બરખો નથી. બુરખાના બદલે કેટલીક સ્ત્રીઓ કાળી ચાદર ઉપયોગમાં લે છે તે એ પણ સહીહ નથી, બલ્કે બુરખાની ઉપરની ચાદરનો ઘેરાવો વધારે પહોળો તથા ગોળ હોય જેનાથી આખી છાતી વગેરે ઢંકાઈ જાય. ચેહરા પર માત્ર આંખો ખુલ્લી રાખે એના પર પણ બારીક જાળી હોય. આ શરીઅત પ્રમાણેનો બુરખો છે, એમાં સંપૂર્ણ પરદો છે.

## ★ નસલ વધારવાની ફઝીલત ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, આપસમાં નિકાહ કરો અને નસલો વધારો, હું તમારી અધિકતાથી બીજી ઉમ્મતો પર ગર્વ કરીશ, ભલે બાળક કાચુ પણ કેમ ન હોય. અમુક હદીષોમાં આવ્યું છે કે, એવી સ્ત્રીથી નિકાહ કરો જે ઘણા જ બાળકો જન્મ આપવાવાળી અને વધારે મહોબ્બત કરવાવાળી હોય. હું તમારી અધિકતા પર ગર્વ કરીશ.

કોઈ જમાનામાં ગર્ભપાત કરાવવો ધાર્મિક, કાનૂની, સામાજિક,

અખ્લાકની રીતે દરેક રીતે જુર્મ હતો અને એવું કરાવવું ઘણો જ મોટો ગુનોહ સમજવામાં આવતો હતો. પરંતુ હવે જમાનો બદલાઈ ગયો છે, હવે તો ગુનાહની કલ્પના પણ ખતમ થઈ ગઈ છે અને કાૂનનને માલનો નુસ્ખો પણ પીવડાવી શકાય છે, પછી ડર કઈ વાતનો ! આવવાવાળુ બાળક મફતની બલા જણાય છે.

## ★ ગર્ભપાત કરાવવાનો અઝાબ ★

કુર્રતુલ ઊયૂનમાં ફકીહ અબુલ લૈષ સમરકંદી નકલ ફર્માવે છે કે માલિકે દો જહાં صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કિયામતના દિવસે ગર્ભપાત કરેલ બાળક આવશે અને એનો અવાજ વીજળીના અવાજ જેવો હશે અને તે ફરિયાદ કરશે : "હું મઝલૂમ છું !" એના પછી તે પોતાની માં ને લઈને હાજર થશે અને કહેશે, અય અલ્લાહ ! عزوجل હું એનાથી પૂછું છું કે તેણીએ મને કઈ વાત પર મારી નાંખ્યો હતો ? અલ્લાહ તઆલા બાળક કાઢી નાખનાર માંને પૂછશે ? સાંભળી લે ! મેં નફસને (જીવને) કતલ કરવાને હરામ ઠેરાવ્યું છે, સિવાય કોઈ હક્કના બદલામાં.

અય મારા ફરિશ્તાઓ ! આ સ્ત્રીને જહન્નમના દારોગા માલિકને સોંપી દો જેથી તેઓ તેણીને અહઝાનના કૂવામાં કેદ કરી દે. તો ફરિશ્તાઓ એ સ્ત્રીને ધમકાવતા ધમકાવતા પકડી લેશે ! કેમ કે ફરિશ્તઓ એની વિરૂધ્ધમાં નથી કરતા, જે તેમને હુકમ કરવામાં આવે છે એ જ કરે છે. પછી ફરિશ્તાઓ તે સ્ત્રીની ગરદનમાં તોક અને સાંકળ નાખી દેશે અને મોઢાભેર તેણીને જહન્નમ તરફ ઘસેડીને લઈ જશે અને જહન્નમનો દારોગા તેણીને અહઝાનના કૂવામાં ફેંકી દેશે. તે કૂવો ઘણો જ ઊંડો છે અને તે આગથી ભરેલો છે. જેનું નામ 'મારુલ્અન્યાર' છે. જ્યારે જહન્નમ ઠંડી પડવા લાગે છે તો એ કૂવાનું મોઢું ખોલી નાંખવામાં આવે છે, તો જહન્નમ એની ગરમીથી પાછી તપવા લાગે છે. એમાં જંગલી જાનવર, વાઘ, સાપ અને વીંછીઓ છે જે ગુનેહગારોને ડંખે છે અને અઝાબના ફરિશ્તાના





હાથોમાં આગના છરાઓ હશે જેનાથી કાતિલોને ઘાયલ કરશે. પચાસ હજાર વર્ષ સુધી આ કૂવામાં રાખીને એમને અઝાબ આપવામાં આવશે, ત્યાં સુધી કે અલ્લાહ તઆલા એના વિશે જે ઈચ્છે હુકમ ફર્માવે. (નઊઝુબિલ્લાહ)

પ્યારી ઈસ્લામી બહેનો ! ગર્ભપાત કરાવવો આજકાલ ફેશનમાં ગણવામાં આવે છે એટલા માટે જાહેરમાં બાળક પાડવાની દવાઓ ખાવામાં આવે છે. એ વિચાર ખોટો છે કે બાળકને દૂધ પીવડાવવાથી જવાની ખતમ થઈ જાય છે કે કમજોરી આવી જાય છે કે તંદુરસ્તી બગડી જાય છે વગેરે, બલ્કે ગર્ભવતી સ્ત્રી કોઈ તકલીફ સહન કરે છે એના માટે રાતમાં ઈબાદત, દિવસમાં રોઝા અને અલ્લાહ તઆલાની રાહમાં જેહાદ કરવાનો સવાબ મળે છે. અને જ્યારે તેણીને બાળકને જન્મ આપવાની તકલીફ થાય છે તો દરેક દુઃખના બદલામાં તેણીને એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળે છે અને જ્યારે બાળક માં ની છાતીથી દૂધની ચૂસકી લે છે તો દરેક ચૂસકીના બદલામાં એ સ્ત્રીને એટલા પ્રમાણમાં સવાબ મળે છે કે જેટલો કે ગુલામ આઝાદ કરવાનો. જયારે સ્ત્રી પોતાના બાળકને દૂધ છોડાવે છે તો આસમાનથી નિદા આવે છે કે, અય સ્ત્રી ! તેં ભૂતકાળનાં બધાં કામ પૂરાં કરી દીધાં, હવે જે જમાનો બાકી છે એને શરૂ કર ! એટલે પાછલી જિંદગીના બધા ગુના માફ થઈ ગયા, હવે નવેસરથી જિંદગી શરૂ કર.

શાદી શુદા જિંદગીનો મતલબ જ બાળક છે. એટલા માટે ફેશનના તૌર પર કે આઝાદ બની રહેવામાં અને જવાન બની રહેવા ગર્ભ પડાવી નાખવો એ હકીકતમાં સખત ગુનોહ છે.

પેદાઈશ એક કુદરતી કામ છે જેને કુદરત પોતાની ઈચ્છા પ્રમાણે પરિણામ લાવે છે. અને બાળક પાડી નાખવું એક અકુદરતી (આદતની વિરૂધ્ધ) કામ છે, જેમાં કુદરતથી બગાવત કરવામાં આવે છે. કાશ ! કે આ બગાવત પોતે પોતાના નફસ અને વાસનાની માંગથી કરવામાં આવતી તો બેહતર હતું.

બર્થ કંટ્રોલ અને બનાવટી રીતે ગર્ભપાતે આબાદીનો મસ્અલો ચાહે હલ ન કર્યો હોય, પરંતુ ઐયાશીના રસ્તાઓ જરૂર ખુલ્લા કરી દીધા છે. હવે તો સારાં સારાં મેગેઝિનોમાં પણ ગર્ભપાતની જરૂરી દવાઓનો પ્રચાર જોવામાં આવે છે અને બર્થ કંટ્રોલની સેંકડો દવાઓ પણ પ્રસિધ્ધ થઈ ચૂકી છે. પણ અલ્લાહ عزوجل જેને પેદા કરવાનુ ઈચ્છે છે તે પેદા થઈને જ રહે છે. જો આવી રીતે ફેશનની રીતે એ લા'નતને કરતા રહ્યા તો અલ્લાહ عزوجل નો અઝાબ સખત છે, એટલા માટે અલ્લાહ عزوجلના અઝાબથી કાંપી જાવ ! અને ગભરાઈને અલ્લાહ عزوجل ની પાસે ફેશન પરસ્તીથી તૌબા કરી લો. જુઓ ! અલ્લાહ عزوجل ફેશન પરસ્તો પર કેટલા પ્રમાણમાં ગઝબનાક થાય છે અને એમના માટે મરણ પછી કબ્રની દુનિયામાં એણે કેવી ખતરનાક સજા રાખી છે !! અય દીન ધર્મનુ દર્દ રાખવાવાળાઓ ! થોડીક ક્ષણોના માટે આંખો બંધ કરીને કલ્પના તો કરો કે ફેશન પરસ્તોનો અંજામ કેટલા પ્રમાણમાં ભયાનક છે ! આહ ! કયાં આગની ખૌફનાક કાતરો અને કયાં આપણી કમજોર અને નરમ નાઝુક જીભો ! આજે જો જીભ મામૂલી છોલાઈ જાય છે તો આપણું ચૈન હણાઈ થઈ જાય છે અને કીડા મકોડાઓનો પણ અહીંયા આપણને ડર લાગે છે. જો આપણી કબરમાં ખુદા ન કરે અને ફેશનના કારણથી અઝાબ થશે તો આપણી શું હાલત થશે ! અલ્લાહ عزوجل આપણને બધાંને ફેશનથી બચવાની તૌફીક અતા ફર્માવે. આમીન... આમીન...

★ નસબંધી ઓપરેશન કરાવવું હરામ છે, સ્ત્રી–પુરુષ બંનેના માટે.

## ★ શણગારના ૨૦ વીસ આદાબ ★

(૧) દાંતથી નખો ન કાપવા જોઈએ કે મકરૂહ છે અને એમાં કોઢની બીમારી થઈ જવાનો ભય છે. (મઆઝલ્લાહ) (આલમગીરી)

(૨) ચાલીસ દિવસની અંદર અંદર નખો કાપી નાખવા જોઈએ નહીં તો સુન્નત પણ છૂટી જશે અને સાથે સાથે રોજીમાં પણ તંગી આવશે.





(૩) નખો કે વાળ વગેરે કાપ્યા પછી દફન કરી દેવા જોઈએ, જાજરૂ કે બાથરૂમમાં નાખી દેવું મકરૂહ છે કે એનાથી બીમારી થઈ જાય છે. (આલમગીરી)

(૪) નખો કાપ્યા પછી આંગળીઓને સંપૂર્ણ ધોઈ નાખવી જોઈએ.

(૫) બગલના વાળોને ઉખેડવા સુન્નત છે અને મુંડાવવા પણ ગુનોહ નથી. (રદુલ મુહ્તાર)

(૬) નાકના વાળ ન ઉખાડે કે એનાથી આકેલા (લકવા)ની બીમારી થઈ જવાનો ભય છે. (આલમગીરી)

(૭) હાથ, પગ અને પેટના વાળ અસ્તરા વગેરેથી મુંડે.

(૮) દૂંટી નીચેના વાળ અસ્તરા વગેરેથી મુંડે.

(૯) એ કામના માટે વાળ સાફ કરવાનો પાઉડર વગેરેનો ઉપયોગ પુરુષ,સ્ત્રી બંનેના માટે જાઈઝ છે.

(૧૦) દૂંટી નીચેના વાળ એવી જગાએ ફેંકવા જ્યાં બીજાઓની નજર પડે એ નાજાઈઝ છે, કેમ કે એ સતરના વાળ છે. જેવી રીતે સતર બીજાઓની સામે જાહેર નથી કરી શકતા એ જ હુકમ એ વાળોનો પણ છે.

(૧૧) ઈસ્લામી બહેનોના માટે બેહતર એ છે કે એ વાળ ઉખેડી નાખે, જો મૂંડે તો પણ ગુનોહ નથી.

(૧૨) દૂંટી નીચેના વાળને દૂંટીની બિલકુલ નીચેથી મૂંડન કરવાનું શરૂ કરે.

(૧૩) જનાબતની હાલતમાં (એટલે ગુસ્લ ફર્ઝ થયાની હાલતમાં) ન કોઈ જગાના વાળ મૂંડે ન તો નખો કાપે કે એવું કરવું મકરૂહ છે. (આલમગીરી)

(૧૪) ઈસ્લામી બહેનો ! પોતાના માથા વગેરેના વાળ એવી જગાએ ન ફેંકે જ્યાં ગૈર મેહરમની નજર પડે કેમ કે એમના માથાના વાળ પણ છુપાવવાની ચીજ છે અને તેને નામેહરમોની આગળ જાહેર કરવા હરામ છે.

(૧૫) માણસોના વાળ (એ પછી શરીરના કોઈ પણ ભાગના હોય), નખો,

હૈઝનું કપડું (એટલે તે કપડું જેનાથી હૈઝનું લોહી સાફ કરવામાં આવ્યું હોય) અને માણસનું ખૂન આ ચારેવ ચીજોને દફન કરી દેવાનો હુકમ છે. (આલમગીરી)

(૧૬) દૂંટીની નીચેના વાળના માટે બેહતર એ છે કે દરેક જુમ્આએ સાફ કરવામાં આવે, એમ ન થઈ શકે તો ચાલીસ દિવસની અંદર અંદર તો આ કામ જરૂરથી કરી લીધા કરે.

(૧૭) છોકરીઓના નાક, કાનને છેદ પાડવા જાઈઝ છે.

(૧૮) અમુક લોકો છોકરાઓના પણ કાન કોચાવે છે અને બાલી વગેરે પહેરાવે છે ! બલ્કે નવયુવાનો પણ હવે તો પહેરે છે ! એ નાજાઈઝ છે, એટલે કે કાન કોચાવવા પણ નાજાઈઝ અને એને અલંકાર હેરીંગ વગેરે પહેરાવવી પણ નાજાઈઝ. (રદુલ્ મુહ્તાર)

એનાથી એ લોકો પાઠ શીખે જે નાના છોકરાઓના કાનોમાં મન્નત વગેરેની બાલીઓ પહેરાવે છે. જો નાજાઈઝ પ્રકારની મન્નત પૂરી ન કરે તો કોઈ ગુનોહ નથી, બલ્કે એવી મન્નત પૂરી કરવી ગુનોહ છે.

(૧૯) સ્ત્રીઓએ હાથ, પગમાં મેંહદી લગાવવી જાઈઝ છે. જરૂરત વગર નાના છોકરાઓને હાથમાં, પગોમાં મેંહદી લગાવવી ન જોઈએ. (આલમગીરી) બાળકીઓને મેંહદી લગાવવામાં વાંધો નથી. (પુરૂષે હાથે પગે મેંહદી લગાડવી જાઈઝ નથી.)

(૨૦) જાનદારની તસવીરવાળા પોશાક હરગિઝ ન પહેરો, ન તો જાનવરો કે માણસોની તસવીરો ફોટાવાળા સ્ટીકર પોતાનાં કપડાંઓ પર લગાડો, ન તો ઘરોમાં લગાડો અને ન તો પોતાના બાળકોને પહેરાવો.

.........(સંપૂર્ણ).........

★★★★★






**આજે જ મંગાવો ! રહી જશો તો પસ્તાશો !**

**આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીની દર્સી કિતાબ**

# ફૈઝાને શરીઅત

ગુજરાતી લિપિમાં

**લેખક : હઝરત મોલાના ઈબ્રાહીમ 'આસી'**

એમ. એ. બી. એડ. –ઉર્દૂ (અલીગ)

**હસ્બે ફર્માઈશ : હઝરત મૌલાના હાફિઝો કારી મુહમ્મદ શાકિર નૂરી**

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ)

**પ્રકાશક** : આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામી

(પેજીસ : ૧૩૦૦)

(૧) (રૂબરૂમાં) મર્કઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ
૧૨૬–કામ્બેડકર સ્ટ્રીટ, મુંબઈ.

(૨) (રૂબરૂ તથા પોસ્ટથી પણ મળશે)
સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ. દયાદરા, તા.જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૮૨૭૯૨, ૮૨૦૧૧
[હદિયો : ૧૫૦/– રૂા. + ટપાલ ખર્ચ રૂા. ૧૫/–]

જેમાં અકાઈદ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, કુર્બાની વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝો નિફાસ, તથા ઝિક્ર, તિલાવત, દુરૂદ, આદાબે મસ્જિદ તેમજ મદીના શરીફના ફઝાઈલ તથા મસાઈલ, મોટી રાતો તથા દિવસોની ઈબાદતો, માં બાપના, પડોશીના, સગાં સંબંધીના હક્કો, ખૌફે ખુદા તથા તૌબા, અમ્ર બિલ મઅ્રૂફ, સબ્ર, શુક્ર, હલાલ રોજી, મૌત, જનાઝા, નિકાહ, મીલાદ શરીફ, ખામોશી, સારાં નામો રાખવા વિશે તથા દુઆ વગેરે બયાનોનો અઢળક ખજાનો. આ કિતાબમાં ભરેલો છે.

# બેહયાઈ કયાંથી આવે છે ?!

**રિઝ્કે ખુદા ખાયા કિયા, ફર્માને હક્ક ટાલા કિયા**
**શુક્રે કરમ, તરસે સઝા, યે સભી નહીં ! વો ભી નહીં !**

કહેવાય છે કે "સારી સોહબત માણસને સારો બનાવે છે અને બુરી સોહબત માણસને બુરો બનાવે છે." અને એ હકીકત છે જેનો સૌને અનુભવ છે. કોઈ વ્યકિત આ વાતનો ઈન્કાર કરી શકશે નહીં. ઈસ્લામ દુશ્મન તાકતોએ વિવિધ રીતે મુસલમાનોને કમજોર કરવા, તેમની દીની ગૈરતને ખતમ કરવા, તેમના સંસ્કારને નાબૂદ કરવા અવનવા માર્ગે, વિવિધ સ્વરૂપે હુમલા કર્યા છે. ટી.વી. પર આવતા શરમને શરમાવે તેવા બેહયા સ્ત્રી પુરૂષોના અનેતિક સંબંધોની રજુઆત કરતા ડ્રામાઓ, હયાસોઝ જાહેરાતો, ગીતો તથા બળાત્કારનાં દ્રશ્યો તથા સ્ત્રીના શરીરને નગ્નતા ભણી ખેંતી જતી અવનવી ફેશનના શો તથા અવાર નવાર સુંદરી સ્પર્ધાના કાર્યક્રમોનુ પ્રસારણ વિશ્વભરના લોકો ઘરોમાં જોતા રહે છે. આ સૌ ઈસ્લામ વિરોધી બળોનું જ કુકૃત્ય છે જેને મજાથી આપણે અલ્લાહની આપેલી અણમોલ નેઅમત આ આંખ વડે માણીએ છીએ. એ જ આપણી બુરી સોહબત છે.

જો મુસલમાન ભાઈ બહેનો કે તેમનાં બાળકો કુર્આન પઢે, તેનો તર્જુમો તથા તફસીર જુએ, હદીષોનો અભ્યાસ કરે અથવા બુઝુર્ગોએ કેવી પાકીઝગીભરી જિંદગી પસાર કરી તથા તેવું કરવા હુકમો કર્યા, તેવી વાતોનો અભ્યાસ કર્યા કરે તથા ઈસ્લામને ખાતર શું શું કુર્બાનીઓ આપણા બુઝુર્ગોએ આપી છે ? તથા હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ એ પોતાની ગરદન કર્બલાના મેદાનમાં શા માટે કપાવી તથા પૂરા ખાનદાનને શા માટે શહીદ થવા દીધું છે ? એનો અભ્યાસ કરે તો જરૂર તેમનામાં ઈમાની ગૈરત જાગૃત થાય ! ઈસ્લામને દુનિયામાંથી નેસ્તો નાબૂદ કરવા કોણ લોકો પહેલેથી જ કામે લાગેલા છે ? તે સમજે તો આવાં બેહયાઈભર્યાં પ્રોગ્રામોને ન જુએ ! અને ખોટી સફાઈ પેશ કરવાની જરૂરત જ નથી કે અમે તો કેવળ સમાચાર જ જોઈએ છીએ ! વગેરે... કેમ કે ટી.વી. પર ગૈર મેહરમ પુરૂષો તથા સ્ત્રીઓ ગમે તે પ્રોગ્રામ હોય આવતાં જ હોય છે ! અને ડ્રામા (સીરીયલો) તથા ફિલ્મો તો વ્યભિચાર પ્રતિ આકર્ષણ કરતા પ્રોગ્રામો જ રજુ કરે છે. આ બધું મુસલમાનો માટે નથી ! આ તો કાફિરોનુ કામ છે !

હિરો, હિરોઈનની મુલાકાતો, ગીતો એકબીજાનો સ્પર્શ તથા નખરાં, એ શું છે ? જોનારમાં વિકૃતિ પેદા કરે છે અને નવી નસલને ઈસ્લામી અખ્લાકથી દૂર તબાહીના

(અનુ. ટાઈટલ ૩ પર)

(ટાઈટલ ૨...નુ ચાલુ)

માર્ગ પ્રતિ આકર્ષે છે, અને તેની નકલ કરવા પ્રેરે છે. જેના કારણે સમાજમાં નાજાઈઝ સંબંધો અસ્તિત્વમાં આવે છે, પતિ પત્નીમાં બેવફાઈના કિસ્સા બનવા લાગે છે, આડા સંબંધો જન્મ લે છે, જેના લીધે ઝઘડાઓ તથા ખૂનો થાય છે જે તમે વર્તમાનપત્રોમાં વાંચતા જ રહો છો.

અફસોસ ! કે ગુનાહને જાણે ગુનોહ સમજવામાં જ નથી આવતો. હે મુસલમાનો ! દાવો તો જન્નતમાં જવાનો કરો છો અને કામો જહન્નમીઓનાં કરો છો ?! કાનૂને ઈસ્લામથી આટલી ભારે બગાવત કરીને, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના તરીકાથી વિરૂધ્ધ તરીકો અપનાવીને, ઈમામે હુસૈનની કુર્બાનીના હેતુથી વિરૂધ્ધ ચાલીને, ગૌષો ખ્વાજા તથા અન્ય બુઝુર્ગોની રૂહો નારાજ થાય તેવાં કામો કરીને તમે કયા મોઢે પોતાને "ઈસ્લામના ચાહક, આશિકે રસૂલ, આશિકે હુસૈન, ગૌષો ખ્વાજાના દીવાના" કહો છો ?! તમે તમારી જાત સાથે વાતો કરો !! લોકો સાથે ગપ્પાં મારવામાં તો ખૂબ સમય બગાડો છો ! જરા એકાંતમાં તમારી ખૂદની પાસે આવો અને તમારી પોતાની સાથે જ આ વાતો કરો કે તમે કોના માર્ગે ચાલી રહ્યા છો ? પોતાના પર ચિંતન કરો ! ત્યારે જ તમને સાચા અર્થમાં ઈસ્લામની, ખુદા વ રસૂલની, અહલે બૈત વ અવલિયાની મહોબ્બતનુ રાઝ સમજાશે.

ફેશન એટલી બુરી બલા છે, તે રજુ કરતી આ કિતાબ વાંચો. કહેવાયું છે કે **સુવ્વરનો ગોશ્ત ખાનારમાં બેહયાઈ આવી જાય છે,** અને તેની પ્રતિતી તમે કરી શકો છો કે જેઓનો ખોરાક જ તે છે તેઓ જાનવરો જેમ બેહયાઈથી જીવતાં હોય છે, અને એટલે જ **યૂરોપ તથા અમેરિકામાં અસંખ્ય નાજાઈઝ ઔલાદ કે જેમનાં માં બાપનો પતો નથી !** ગવર્નમેન્ટ તેને ઉછેરી રહી છે. તો ફેશન કરનાર બહેનો આ કિતાબમાં વાંચે કે તેમનામાં પણ સુવ્વરની ચરબી કયાંથી પ્રવેશી રહી છે જે **કતઈ હરામ** છે અને તેની અસરો કેટલી ભયાનક છે.

ટૂંકમાં દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઉ તો ઈસ્લામી ગૈરત પેદા કરો અને ખુદા વ રસૂલની મહોબ્બતનો દાવો હોય તો તેમના દુશ્મન શૈતાનના કહ્યા પર ન ચાલો. મૌલા તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં આપણને સૌને નેક હિદાયત આપે. (આમીન)

**વમા અલૈના ઈલ્લલ્ બલાગ.**

હમદર્દે અહલે સુન્નત

**પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી**